Saarth E-Journal

# Saarth E-Journal of Research

Email:sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.8 No. 08

Impact Factor
Quarterly
July-Aug-Sep 2023

## કોરોના વાઈરસની (Covid-19)ની સ્વસહાય જૂથ પર થયેલી અસર

વિલાસબેન આર. પ્રજાપતિ

**સારાંશ :-**

આપણે સૌ જાણીએ છીએ કે ભારત એક ગામડાઓના સમૂહનો બનેલો દેશ છે. ભારતમાં કુલ વસ્તીના ૮૩% લોકો ગામડામાં વસે છે. જેમાંથી મોટાભાગના લોકો આજીવિકા માટે ખેતી પર આધારિત છે. તાજેતરમાં સમગ્ર વિશ્વને હચમચાવનાર કોરોના વાઈરસ એટલે કે (કોવિડ-૧૯) ના કારણે વિશ્વના મોટાભાગનાં દેશોનું આર્થિક-સામાજિક જીવન ધોરણ ડહોળાઇ જવા પામ્યું હતું. ચીનમાંથી આવનાર આ ખતરનાક વાઈરસે સમગ્ર વિશ્વને તેના ઝપેટમાં લીધું હતું. આ વાઈરસની ગંભીર અસરો માનવ જીવન પર પડી હતી. લાખો-કરોડોની સંખ્યામાં લોકોના મૃત્યુ થવા પામ્યા હતા. દરેક દેશનું જન-જીવન અને દેશની અર્થવ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જવા પામી હતી. કોરોના વાઈરસને કારણે સમગ્ર દેશોના આર્થિક વિકાસના પૈડા થંભી જવા પામ્યા હતા. આ સમયે આ ખતરનાક વાઈરસની કોઈ દવા કે ઈલાજ ઉપલબ્ધ ન થતાં લોકોમાં મૃત્યુનું પ્રમાણ વધવા પામ્યું હતું. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા ૩૦ જાન્યુઆરી ના સમગ્ર વિશ્વના અનુસંધાનમાં કોરોના વાઈરસને વૈશ્વિક મહામારી તરીકે જાહેર કર્યું હતું. આમ, કોરોના વાઈરસને કારણે લોકોના જીવનધોરણ, ધંધા વ્યવસાય, આર્થિક વૃદ્ધિ અને વિકાસ પર માઠી અસર પડી હતી.

શબ્દો :- કોવિડ-19, રોગચાળો, ગરીબી, બેકારી, સ્વ-રોજગારી, ધિરાણ, આવક, બચત, વૃદ્ધિ.

**પ્રસ્તાવના :-**

ભારતમાં આઝાદી પછીના સમયગાળામાં ગ્રામીણ વિસ્તારોમાં લોકોને સ્વ રોજગાર માટે ધિરાણની તાતી જરૂરિયાત ઊભી થઈ હતી. ભારતમાં છેલ્લા દાયકા દરમ્યાન લઘુધિરાણ અને સ્વાશ્રય જુથને જોડીને ગરીબ વર્ગને ઊગારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. વિશ્વના અન્ય દેશોમાં જેવા કે બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ વગેરે દેશોમાં સંસ્થાકીય ધિરાણ અને બિનસંગઠિત ક્ષેત્રને જોડવાનો પ્રયાસ ખૂબ સફળ રહ્યો હતો. ગામડામાં રહેતા અસંગઠિત લોકોને નાની રકમની જરૂરિયાત વારંવાર પડતી હોય છે. જેના કારણે તેમનામાં બેંકનો વ્યવહાર અને ખર્ચનું પ્રમાણ પણ વધે છે. બેંકની ધિરાણ મેળવવાની પ્રક્રિયા ખુબ જ ઝટીલ હોવથી સામાન્ય જરૂરિયાતમંદ વ્યક્તિને સમયસર ધિરાણ મળતું નથી. પરિણામે જરૂરિયાતમંદ લોકોને સરળતાથી ધિરાણ મળી રહે તે માટે જૂથ મારફતે

ધિરાણ આપવાની શરૂઆત કરવામાં આવી. અસંગઠિત ક્ષેત્ર દ્વારા લોકો ભેગા મળીને જુથ બનાવીને તેમને બેંક દ્વારા ધિરાણ આપવામાં આવે જેથી બેંકનો ખર્ચ ઘટે. આમ, ભારતમાં અસંગઠિત ક્ષેત્ર અને સંગઠિત ક્ષેત્રના સંયુક્ત ઉપક્રમે ધિરાણ માળખામાં સારા પૈસા ભેગા કરીને "લઘુધિરાણ" ની શરૂઆત કરવામાં આવી.

ભારતમાં પંચવર્ષીય યોજના દરમ્યાન મહિલા વિકાસ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. ભારતીય બંધારણમાં પણ મહિલાઓને વિશેષ હક્કો અને મહિલાલક્ષી કાયદાઓ આપવામાં આવ્યા છે. સરકાર દ્વારા પણ મહિલાઓના સર્વાંગી વિકાસ માટેની અનેક યોજનાઓ અને કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા જેવા કે IRDP, TRYSEM, DWACRA, ICDS,STEP & Other State Govt. Prog. Gramya (Rural Women), Kalpa Briksh, Vatsalya, Ayushmati, Jeevan Rekha, Sukanya Samruddhi Yojana તેમજ ગ્રામ વિકાસની કેટલીક યોજનાઓ SGSY, SGRY, IAY, Watershed, સ્વયં સિદ્ધા-સ્વશક્તિ યોજના વગેરે શરૂ કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓનો આર્થિક-સામાજિક સર્વાંગી વિકાસ કરવાનો છે.

- **ભારતમાં કોરોના વાઈરસની અસર :-**

ભારતમાં સૌ પ્રથમ એક વૃદ્ધ મહિલાનો કોરોના વાઈરસનો કેસ ૨૭ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ જનરલ હૉસ્પિટલ, થરિસસુર, કેરાલા ખાતે નોંધાયો હતો. ત્યાર પછી કોરોના વાઈરસના કેસોમાં સતત વધારો નોંધાયો હતો. આ વૈશ્વિક મહામારીને ધ્યાનમાં લેતા તેના પર અંકુશ લાવવા માટેનો એકમાત્ર ઉપાય એ લોકોમાં સામાજિક અંતર હતો. જેના અનુસંધાનમાં ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદી એ માર્ચ મહિનાની ૨૪ મી તારીખનાં રોજ સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું.

આ લોકડાઉનની સૌથી માઠી અસર ધંધા-વ્યયસાય, વાહન વ્યવહાર અને બાંધકામ ક્ષેત્રે રોકાયેલા મજૂરો પર પડી હતી. અચાનક કરાયેલા આ લોકડાઉનને કારણે તેઓ આર્થિક-સામાજિક રીતે પડી ભાગ્યા હતા. પરિણામે લોકોના કામ-ધંધા બંધ થતાં તેઓ બેકારી અને ગરીબી કરતાં પણ ભયંકર પરિસ્થિતિમાં સપડાયા હતા. કોરોના વાઈરસને કારણે સંપૂર્ણ લોકડાઉન કરતાં સ્થળાંતરની પ્રક્રિયા પર પૂર્ણ વિરામ પડી ગયું હતું. શ્રમિકોને ઘરમાં પુરાઈ રહેવાના કારણે અનાજની, આરોગ્યની અને આવકની સમસ્યાનું મોટા પાયે સર્જાઈ હતી. કોરોના વાઈરસને કારણે માત્ર શ્રમિકો જ નહીં મધ્યમ અને ગરીબ વર્ગને પણ તેની ઝપેટમાં આવી ગયા છે. સાથે-સાથે ગ્રામીણ વિસ્તારોમાં પર તેની માઠી અસર પડી હતી. મોટાપાયે દેશમાં ધંધા-વ્યવસાય બંધ રહેતા દેશના અર્થતંત્ર પર તેની માઠી અસર પડી છે. સરકાર દ્વારા તેને પંહોચી વળવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા હતા. તે સમયે ગ્રામીણ વિસ્તારોમાં મનરેગા યોજનામાં કામ કરતાં શ્રમિકો પર તેની અસર થવા પામી હતી.

- **ભારતમાં સ્વસહાય જુથ પર થયેલી કોરોના વાઈરસની અસર :-**

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના વાઈરસને કારણે ભારતીય અર્થતંત્ર પર માઠી અસર થવા પામી હતી. જે અંતર્ગત ભારતમાં કોરોના વાઇરસ સમયે સ્વસહાય જુથ એક આશાવાદી કિરણ તરીકે સામે આવી હતી. ભારતમાં કોરોના વાઈરસ સમયે લગભગ 20,000 SHG એ સમગ્ર ભારતમાં 19 મિલિયન માસ્ક અને 100,000 લિટર સેનિટાઇઝરનું ઉત્પાદન કર્યું છે. ઉત્પાદન વિકેન્દ્રિત હોવાથી, આ વસ્તુઓ પરિવહનના લોજિસ્ટિક્સમાંથી પસાર થયા વિના લોકો સુધી પહોંચાડવામાં આવી છે. SHGs એ નબળાઈ ઘટાડવાના ભંડોળનો ઉપયોગ કરીને અથવા રાજ્ય સરકારો અને સ્થાનિક વહીવટીતંત્રના સમર્થનથી ગરીબ અને નબળા પરિવારોને રાશન અથવા રાંધેલા ખોરાકની જોગવાઈ સાથે સંબંધિત કાર્ય પણ શરૂ કર્યું છે.

વિશ્વની 70% આરોગ્યસંભાળ અને સામાજિક કાર્યકરો મહિલાઓ છે. ભારતમાં કોવિડ -19 યોદ્ધાઓમાં મહિલાઓની બહુમતી જોવા મળી છે. ભારતમાં, એક અહેવાલ પ્રમાણે મહિલા આરોગ્યસંભાળ કામદારો દેશના આરોગ્ય દળનો લગભગ અડધો હિસ્સો ધરાવે છે અને તે વધુ સંવેદનશીલ જૂથોમાં કાર્યરત છે. જેમાં પ્રશિક્ષિત નર્સો અને મિડવાઇફ્સમાં મહિલાઓનો હિસ્સો 88.8% છે.

કોવિડ-19 સામે ચાલી રહેલા યુદ્ધમાં ભારતમાં હેલ્થકેર સેક્ટરમાં મહિલાઓની મોટી ભૂમિકા ભજવી છે. ભારતમાં મહિલાઓ તબીબી પુરવઠાના વિક્ષેપોને દૂર કરવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. મહિલાઓ દ્વારા પ્રભુત્વ ધરાવતા ભારતીય સ્વ-સહાય જૂથો (SHGs) એ આરોગ્ય ક્ષેત્રની વધતી જતી માંગને પહોંચી વળવા માસ્ક, સેનિટાઈઝર અને રક્ષણાત્મક ગિયરના ઉત્પાદનમાં યોગદાન આપ્યું છે.

કોરોનાવાયરસને હરાવવા માટે અભૂતપૂર્વ 40-દિવસના લોકડાઉનની વચ્ચે 1.3 અબજ ભારતીયો સાથે, મહિલા સ્વ-સહાય જૂથો (SHGs) ની સામૂહિક શક્તિ સામે આવી છે.

**Reference** :-


1. Censusindia.gov.in/2011-prov-result/paper2/data-files/india/Rural_Urban_2011.pdf
2. બી.કે. થાપલીયન અને કે.આર.શાસ્ત્રી (૧૯૯૪), ઈકોનોમિક ડેવલેપમેન્ટ ઓફ રૂરલ વુમન, પ્રોસિંડીગ ઓફ ધી પોલિસી વર્કશોપ, પ્રકાશન-નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલેપમેન્ટ - NIRD હૈદરાબાદ.
3. NABARD, Credit- Self Help Group, Bank Linkage Programme, Banker's Hand Book.
4. કનૈયાલાલ રામજીભાઈ પટેલ, સખીમંડળ દ્વારા મહિલા સશક્તિકરણ - એક અભ્યાસ, IJRSML, જૂન-૨૦૧૯.
5. મિશન મંગલમ સહાય જુથ માટે કલ્યાણકારી યોજનાની માહિતી પુસ્તિકા.
6. આજીવિકા-ગ્રામ વિકાસ મંત્રાલય ભારત સરકાર.
7. મહિલા સશક્તિકરણ, ગુજરાતની પહેલ, મહિલા અને બાળવિકાસ વિભાગ.
8. માઈક્રો ફાઈનાન્સઈન ઈન્ડિયા : પ્રોસેસ એન્ડ પ્રોગ્રેસ,ડૉ પલ્લવી એસ ,ઈન્ડિયન જનરલ ઓફ એપ્લાઇડરીસર્ચ ,વોલ્યુમ 4 નંબર ૩ માર્ચ 2014
9. Dr. B Seetha Devi, Impact of COVID 19 Pandemic on the Self Help Groups, Sambodhi Journal, Vol-46, No.2, January-March-2021
10. http://www.microcreditsummit. org/papers/empowering_final.doc
11. www.ruraldev.gujarat.gov.in



**વિલાસબેન આર.પ્રજાપતિ**
પીએચ.ડી, સ્કૉલર,
હે.ઉ.ગુ.યુનિ.,
પાટણ